રાજ્યભરમાં સાંજે ૭થી સવારે ૭ સુધી ઘરમાં જ રહેવા ફરમાન

રાજ્યમાં હજુ પાન-મસાલા અને ચાની કિટલી નહી ખુલે : રેડ ઝોનમાં ૧૭મી મે સુધી કોઇપણ પ્રકારની છૂટછાટ નહી : ઓરેન્જ તેમજ ગ્રીન ઝોનમાં આંશિક રીતે છૂટછાટ

ગાંધીનગર,તા.૩

રાજ્ય સરકારે ઓરેન્જ, ગ્રીન કે રેડ ઝોનમાં પાન-માવાની દુકાન નહીં ખોલવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે વિગતો આપતા મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું હતું કે, આ નિર્ણયને પગલે અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં કોઇ છૂટછાટ આપવામાં આવશે નહીં. એટલે કે, રાજયના રેડ ઝોન વિસ્તારોમાં સરકાર દ્વારા કોઈપણ પ્રકારની છૂટછાટ આપવામાં આવી નથી. રેડ ઝોનમાં તા.૧૭મી મે સુધી કડકાઈપૂર્વક લોકડાઉનનું પાલન કરવુ પડશે. રાજકોટ ઓરેન્જ ઝોનમાં હોવા છતાં લોકડાઉનનો કડક અમલ કરાશે. દરેક ઝોનમાં સાંજે ૭ વાગ્યાથી સવારે ૭ વાગ્યા સુધી ઘરમાં જ રહેવું પડશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યના કોઈપણ ઝોનમાં પાન, માવાની દુકાનો અને લીકર શોપ ખુશી શકશે નહીં. આ પ્રકારની દુકાનો ૧૭ મે સુધી બંધ જ રાખવાની રહેશે. આ સિવાય ઓરેન્જ અને ગ્રીન ઝોન માટે કેટલાક મહત્વના નિર્ણયો કરવામાં આવ્યા છે. જે મુજબ, ઓરેન્જ ઝોનમાં સલૂન, ચાની દુકાન, બ્યુટી પાર્લર ઉપરાંત જે સિંગલ દુકાનો છે જે માર્કેટમાં નથી તેને ચાલુ કરી શકાશે. જ્યારે કેબ સેવાઓ પણ આ ઝોનમાં શરતોને આધીન શરુ કરવામાં આવશે, જેમાં ડ્રાઈવર અને બે મુસાફરો એટલે કે કુલ ૩ લોકો મુસાફરી કરી શકશે. જ્યારે કેબ સેવાઓ પણ આ ઝોનમાં શરતોને આધીન શરુ કરવામાં આવશે, જેમાં ડ્રાઈવર અને બે મુસાફરો એટલે કે કુલ ૩ લોકો મુસાફરી કરી શકશે. ગ્રીન ઝોનમાં એસ.ટી.બસ જેવી સેવાઓ ચાલુ કરવામાં આવશે. પરંતુ બસમાં ૩૦થી વધુ મુસાફરો બેસાડી શકાશે નહીં. જો કોઈ બસમાં ૩૦થી વધુ મુસાફર હશે તો ડ્રાઈવર અને કંડકટર વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યના ગ્રીન ઝોનમાં આવતાં જૂનાગઢ અને જામનગર ઉપરાંત ૧૫૬ નગરપાલિકા વિસ્તારમાં તમામ ઉદ્યોગો ધમધમતા થશે તેમ અશ્વિની કુમારે જણાવ્યું હતું. હાલ ચાલતા રમઝાન માસ અંગે તેમણે ઉમેર્યું હતું કે ચૈત્ર માસ દરમિયાન હિંદુ તહેવારોની ઉજવણી ઘરમાં જ થઈ હતી તે જ રીતે મુસ્લિમ બિરાદરો રમઝાન માસની ઉજવણી ઘરમાં રહીને કરે તેવી અપીલ રાજ્ય સરકાર વતી કરવામાં આવે છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આપણે લાલ નીકળશે એવું માનીને તરબૂચ લઈએ પછી લીલુ નીકળે છે... એમ અમારે પણ લાલ લીલામાં ગુંચવણ થાય છે...

ગાંધીનગર જીઆઈડીસીમાં આઈસક્રીમ ફેક્ટરીના માલિકને સ્ટોકનો નાશ કરવો પડ્યો

સેક્ટર-૨૮ જીઆઇડીસીમાં રિદ્ધિ આઇસક્રીમ ફેક્ટરીના કોલ્ડ સ્ટોરેજના માસિક ૫૦ હજારના લાઇટબિલનો બોજ ઉપાડવો અઘરો બન્યો : બે માસ સુધી લાઇટ બિલ ભર્યા બાદ પણ લોકડાઉન લંબાતા ફેક્ટરી માલિકે અંતે માલસ્ટોકનો નાશ કરવાનો નિર્ણય લીધો

ગાંધીનગર તા. ૦૩

કોરોના વાયરસ મહામારીને પગલે વિશ્વભરના અર્થતંત્ર પર માઠી અસર પેદા થઈ છે. ભારતમાં પણ તમામ વેપાર ધંધા ઉદ્યોગો ઠપ્પ થઈ જવા પામ્યાં છે. ગાંધીનગરની જીઆઈડીસીના લઘુ ઉદ્યોગોની હાલત અત્યંત ગંભીર જોવા મળી રહી છે. ગાંધીનગરમાં એક આઈસક્રીમ ફેક્ટરીના માલિક દ્વારા ઉનાળાની મુખ્ય સિઝનને અનુલક્ષીને જે પ્રોડક્શન કરવામાં આવ્યું હતું પરંતુ અચાનક લોકડાઉન લાગુ પડી જતાં છેલ્લા બે માસથી તૈયાર માલ સ્ટોકનું કોલ્ડ સ્ટોરેજમાં માસિક રૂપિયા ૫૦ હજાર જેટલું લાઈટ બિલ ભરીને લોકડાઉન ખુલશે ત્યારે ઉનાળુ સીઝનનો વેપાર કરવાની ગણતરીએ સાચવવાનું જોખમ લીધું હતું જેનો હવે લોકડાઉન લંબાતા ઉત્પાદક દ્વારા ના છૂટકે નાશ કરવાનો નિર્ણય લેવો પડ્યો છે જેના પગલે ઉદ્યોગકારને મોટું આર્થિક નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે.

ગાંધીનગરના સેક્ટર ૨૮ જીઆઈડીસી ખાતે અજન્ટા માર્બલની બાજુમાં આવેલ વૃદ્ધિ આઈસ્ક્રીમ ફેક્ટરીમાં તેના પેથાપુર નિવાસી માલિક અપૂર્વ દુર્ગેશભાઈ પટેલ દ્વારા ઉનાળાની સિઝનને અનુલક્ષીને દર વર્ષની જેમ આગોતરા આયોજનના ભાગરૂપે પ્રોડક્શન કરી માલ સ્ટોક કરવામાં આવ્યો હતો જેથી સિઝનના ઓર્ડર્સને પહોંચી વળાય. જો કે ઉનાળુ સિઝન શરૂ થાય તે પહેલાં કોરોના મહામારી પગલે દેશભરમાં લોકડાઉન લાગુ પડી જતાં ફેક્ટરીને બંધ કરવાની ફરજ પડી હતી. વળી લોકડાઉનમાં આઈસ્ક્રીમ તથા ઠંડા પીણા વગેરે પર પ્રતિબંધ આવતાં કોઈ સેવા કાર્ય માટે પણ દાનમાં આપવું શક્ય બન્યું નહોતું.

ગાંધીનગરની રિદ્ધિ આઈસ્ક્રીમ ફેક્ટરી ખાતે ઉનાળું સિઝનને અનુલક્ષીને પ્રોડક્શન થકી આશરે અઢી થી ત્રણ લાખનો આઈસ્ક્રીમનો માલ સ્ટોક ફેક્ટરીના કોલ્ડ સ્ટોરેજની કેપેસિટી મુજબ સંગ્રહિત કરવામાં આવ્યો હતો. કોરોના મહામારીના પગલે લોકડાઉન લાગુ પડતા ફેક્ટરીના માલિક અપૂર્વ પટેલને આઈસ્ક્રીમ પર પ્રતિબંધને કારણે ફેક્ટરી બંધ કરવાની ફરજ પડી હતી પરંતુ તેમણે તૈયાર માલ સ્ટોકને લોક ડાઉન ખોલી જાય પછી વેચી શકાશે તેવી ગણતરીએ કોલ્ડ સ્ટોરેજમાં રહેવા દેવાનું મુનાસિબ માન્યું હતું. આ માલ સ્ટોક બગડી ન જાય તે હેતુથી તેમણે દર મહિને રૂપિયા પચાસ હજાર જેટલું લાઈટ બિલ ભરીને પણ કોલ્ડ સ્ટોરેજને સતત ચાલુ રાખ્યું હતું. જો કે હવે લોકડાઉન વધુ લંબાતા તેમજ લોકડાઉન ખુલ્યા બાદ પણ આઈસ્ક્રીમના વિતરણ બાબતે મંજૂરી મળશે કે કેમ તેવી શંકા હોવાને પગલે તેઓ ચિંતિત બન્યા હતા વળી બીજી તરફ દર મહિને કોલ્ડ સ્ટોરેજમાં આવતું લાઈટ બિલ પણ તેમના માટે મોટો આર્થિક બોજ બની રહ્યું હતું. એક તરફ ફેક્ટરી બંધ થવાથી અને ઉનાળુ સિઝન ફેઈલ જવાથી અને બીજી તરફ કોલ્ડ સ્ટોરજના મસમોટા લાઈટ બિલમાં સરકાર તરફથી કોઈ રાહત ના મળવાને કારણે બેવડો આર્થિક નુકસાનનો ફટકો પડી રહ્યો હતો અંતે અપૂર્વ પટેલ દ્વારા પોતાની

લઘુ ઉધોગને સરકારે રાહત આપવી જોઈએ

રિદ્ધી આઈસ્ક્રીમના માલિક અપૂર્વ પટેલે જણાવ્યું હતું કે તેમને પડી રહેલા નુકસાન અંગે તેમજ તેમના જેવા અન્ય લઘુ ઉદ્યોગોને પણ બ્લોક ડાઉનના પગલે સહન કરવા પડી રહેલા આર્થિક ફટકા અંગે વડાપ્રધાનના પીએમ પોર્ટલ પર પણ જાણ કરી છે પરંતુ હજુ સુધી તેનો કોઈ જવાબ પ્રાપ્ત થયો નથી. તેમના કહેવા મુજબ રાજ્ય સરકારે લોક ડાઉનમાં જે રીતે જરૂરિયાતમંદ વર્ગ તથા ખેડૂત વર્ગને રાહત આપી છે તે રીતે લઘુ ઉદ્યોગકારોને પણ વીજબિલ માફી અથવા રાહત પેકેજ આપી મદદરૂપ થવું જોઈએ નહીંતર કારોના કટોકટીમાં લઘુ ઉદ્યોગોની કમર ભાંગી જશે.

ગાંધીનગરના ૪ ગામના ૧૬ ગ્રામજનો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર-જિલ્લામાં લોકડાઉનની પરિસ્થિતિ વચ્ચે કામ વિના આંટાફેરા મારવા માટે બહાર નીકળેલા ૪ ગામના ૧૬ નાગરીકો સામે જાહેરનામા ભંગની ફરીયાદ પોલીસ દ્વારા નોંધવામાં આવી છે.અડાલજ પોલીસના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન કોબા ગામે રામજી મંદિરની બાજુમાં જુના બસ સ્ટેન્ડમાં ૬ ગ્રામજનો બેસીને ગપ્પા મારતા નજરે પડ્યા હતા. તેઓને પોલીસે પકડી પાડીને નામ પુછતા કોબા ગામના જ જયંતિભાઈ બાબરભાઈ રાવળ, જયેન્દ્રભાઈ મણીભાઈ પટેલ, રમેશ ડાહ્યાભાઈ પટેલ, વિષ્ણુભાઈ અંબાલાલ પટેલ, સંજયભાઈ વાસુભાઈ પટેલ, અમૃતભાઈ મંગળભાઈ પ્રજાપતિ હોવાનું ધ્યાને આવ્યું હતું.

જયારે અડાલજ અંબિકા હોટલ પાસે થી રાજુભાઈ લાલાભાઈ પટેલ, પ્રેમકુમાર ગીરધારીભાઈ મારવાડી, હરેશ રાણાજી વણઝારાને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે ડભોડા ગામે ડ્રોન કેમેરાની મદદથી સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગામના યાદવ નગર ખાતે રહેતા સુમિત સેંધાજી યાદવ, કેતન કનુજી યાદવ, કિરણ બાબુજી યાદવ, અને અજય અમરતજી યાદવ સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જયારે લવારપુર સ્વામીનારાયણ મંદિર પાસેથી શરદ નારણભાઈ ગજજર, ગૌરાંગ જગદીશભાઈ ગજજર, રમેશ કાનાભાઈ પટેલને પકડી પાડી તમામ સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સેક્ટર-૪માં સફાઈકર્મીઓનું સન્માન

કોરોનાના કપરાં સમયમાં સફાઈકર્મીઓ ખૂબ જ નિષ્ઠાપૂર્વક નિયમિત રીતે પોતાની ફરજ બજાવી રહ્યા છે અને શહેરને સ્વચ્છ રાખી રહ્યા છે. સેકટર-૪ના રહીશોએ ઘરે ઘરે કચરો લેવા આવતા સફાઈકર્મીઓનું ફૂલો દ્વારા સન્માન કરી કોરોના વોરીયર્સની ફરજોને બિરદાવી હતી. કોરોનાના કહેર વચ્ચે સફાઈ કામદારો ભારે જોખમ ઉઠાવીને સ્વચ્છતા જાળવવાની કરી રહેલ કામગીરીને સમાજ બિરદાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ કોરોના સામેના જંગમાં સ્વાસ્થ્ય, સફાઈ અને સુરક્ષાકર્મીઓને બિરદાવવા દેશવાસીઓને વારંવાર અપીલ કરી છે.

લૉકડાઉનનો ત્રીજો તબક્કો શરૂ થવા જઈ રહ્યો છે. આ તબક્કામાં પોલીસ વધુ કડક બની છે. પ્રશાસને શહેરમાં પ્રવેશતા તમામ માર્ગો પરનો પહેરો કડક બનાવ્યો છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચેના તમામ માર્ગો બંધ કરી દેવાયા છે. ગાંધીનગરમાં પ્રવેશવાના મુખ્ય માર્ગે રક્ષાશકિત સર્કલ પર બેરીકેટ લગાવી દેવાયા છે. માત્ર સરકારી વાહનોને જ પ્રવેશ અપાય છે.

બે IAS ઓફિસર CSના સપનાં જોતાં રહ્યાં અને નિવૃત્ત થયા, મુકિમને એક્સટેન્શનની સંભાવના

ગુજરાતના વહીવટી વડા એટલે કે ૨૯મા ચીફ સેક્રેટરી તરીકે હાલ ૧૯૮૫ બેચના આઈએએસ અધિકારી અનિલ મુકીમ ફરજ બજાવી રહ્યાં છે. તેઓ ઓગષ્ટ ૨૦૨૦માં વયનિવૃત્ત થાય છે પરંતુ તેમની પસંદગી દિલ્હીથી થઈ હોવાથી તેમને છ મહિનાનું એક્સટેન્શન મળે તેવી સંભાવના છે, કારણ કે તેમના અગાઉ નિવૃત્ત થયેલા ડો. જેએન સિંઘને પણ છ મહિનાનું એક્સટેન્શન મળ્યું હતું. જો એક્સટેન્શન મળે તો તેઓ ૧લી માર્ચે નિવૃત્ત થશે. ગુજરાત કેડરના ત્રણ સિનિયર ઓફિસરો કે જેમના નામ ચીફ સેક્રેટરી તરીકે ચર્ચાતા હતા તે પૈકી અરવિંદ અગ્રવાલ અને અતનુ ચકવર્તી એપ્રિલ મહિનામાં વયનિવૃત્ત થયાં છે. ચકવર્તીનું પોસ્ટીંગ હાલ દિલ્હી છે. ત્રીજા પ્રબળ દાવેદાર હતા તે સંગીતાસિંઘ આગામી ઓક્ટોબરમાં નિવૃત્ત થવાના છે. આ સર્વોચ્ચ પદ માટે બીજા ચર્ચાઈ રેલા બે નામ પૈકી પુનમચંદ પરમાર જુલાઈમાં અને સંગીતાસિંઘ ઓક્ટોબરમાં વયનિવૃત્ત થશે. સેન્ટ્રલ ડેપ્યુટેશન પર અત્યારે કિ-રોલમાં છે તેવા ગુજરાત કેડરના ઓફિસર પીડી વાઘેલા સપ્ટેમ્બરમાં નિવૃત્ત થશે.

કોરોના સામે લડવા માટે આઇએએસ ઓફિસરે ગ્રામીણ મહિલાઓ સાથે પીપીઇ કીટ બનાવી

અનિલ મુકિમને એક્સટેન્શન મળવા પાછળ મહત્વનું કારણ એવું છે કે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિશ્વાસુ અને પ્રામાણિક છાપ ધરાવતા લો-પ્રોફાઈલ અધિકારી છે.

● "ઓપરેશન કવચ"ના યોદ્ધા IAS ઓફિસર...

કોરોના સામે લડનારા સૈનિકો માટે પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ એટલે કે પીપીઈ કીટ જોઈએ પરંતુ તે મોંઘી પડી રહી છે. આફતમાં સમયમાં કમાઈ લેવા માટે કેટલીક લેભાગુ કંપનીઓએ નકલી કીટ બનાવવાનું શરૂ કર્યું છે જે અત્યંત જોખમી હોય છે. વિશ્વસનીય અને પ્રભાવી કીટની કિંમત ૧૦૦૦ રૂપિયા કરતાં વધુ હોય છે. ઉત્તરપ્રદેશના એક નાનકડા જિલ્લામાં એક આઈએએસ ઓફિસર અરવિંદસિંહે લખીમપુરની ગ્રામીણ મહિલાઓના સહયોગથી મોટી માત્રામાં ગ્લોબલ સ્ટાન્ડર્ડ પીપીઈ કીટ બનાવી છે. આ કીટનો ઓર્ડર ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં ભારતીય સેનાએ તેમની હોસ્પિટલો માટે આપ્યો છે. અરવિંદસિંહ કહે છે કે –મારો જિલ્લો વિકસિત નથી. મલ્ટી હેલ્થકેર સુવિધા પણ નથી છતાં મહિલાઓની ડિઝાઈન તેમજ મહેનત રંગ લાવી છે. હોસ્પિટલમાં કોવિડના દર્દીઓની સારવાર માટેનું કામ કરતાં ડોક્ટર, નર્સ, ફાર્માસિસ્ટ, એમ્બ્યુલન્સ ડ્રાઈવર અને ચોકીદાર તેમજ સુરક્ષા પોલીસને પણ આ કીટ આપવામાં આવે છે. આ ઓફિસરે તેમના આ કાર્યને "ઓપરેશન કવચ" નામ આપ્યું છે. આ કીટની કિંમત માત્ર ૪૯૦ રૂપિયા છે. કીટ બનાવવાના કામમાં ૧૭૫ મહિલાઓ રોકાયેલી છે. જ્યાં કીટ બને છે તે જગ્યાએ દિવસમાં બે વખત ડિસઈન્ફેક્શન કરવામાં આવે છે. અરવિંદસિંહ ૨૦૧૫ની બેચના આઈએએસ છે. તેમણે આઈઆઈટી અને આઈઆઈએમમાં અભ્યાસ કર્યો છે. યુપીએસસી પરીક્ષામાં તેમનો રેન્ક ૧૦મો હતો. દક્ષિણ કોરિયા તેમજ હોંગકોંગમાં પણ તેમનો રિસર્ચ અનુભવ છે.

● એક ઓફિસરે ઇન્દોરમાં નદીની કાયાપલટ કરી...

સરકારમાં ફરજ બજાવતા ઓફિસરો ધારે તો ઘણું કરી શકે છે, તેમને નેતાઓના ભાષણોની જરૂર નથી. એક સમય હતો જ્યારે ખાન નદી અને તેની સહાયક નદી સરસ્વતીને ઈન્દોરની વિરાસત માનવામાં આવતી હતી. ૭૦ના દસકામાં થયેલા ઔદ્યોગિકરણના કારણે આ નદી ગંદા નાળાની જેમ દૂષિત બની ગઈ હતી. ઈન્દોરના નગર આયુક્ત આશીષસિંહ અને તેમની ટીમે આ નદીને શુદ્ધ કરવાનું નક્કી કર્યું અને પછી જે કામો કર્યા તેનાથી ઈન્દોરની જનતા આફરિન પોકારી ગઈ છે. ઈન્દોરમાંથી વહેતી સરસ્વતીના બન્ને કિનારાના બે કિલોમીટરના હિસ્સાને ૧૦૦ ટકા શુદ્ધ બનાવ્યો છે. તેમણે ૨૮ સીવેજ લાઈનોમાં થતાં પાણીના પ્રવાહને એસટીપીના માધ્યમથી શુદ્ધ કર્યો છે. તેમણે કહ્યું હતું કે પાણીને બીજી વખત ઉપયોગ કરી શકાય તેવું આ મોડલ છે. રિસાયકલ પાણીનો ઉપયોગ સૂકા તળાવો ભરવા અને ૨૫૦ જેટલા બગીચાઓને લીલાછમ રાખવા અમે કરીએ છીએ. સરસ્વતી નદીમાં માછલીઓની ઉપસ્થિતિ એ અમારા કામની સફળતા છે. ગુજરાતમાં સાબરમતી નદીમાં રિવરફ્રન્ટથી ખૂબસુરતી વધી છે તેમ રાજ્યની બીજી નદીઓની ખૂબસુરતી વધે તેવા કાર્યો આપણા આઈએએસ ઓફિસરોએ કરવા જોઈએ.

● કેરળના એક એન્જીનિયરની કુશળતાની કમાલ...

આપણી પાસે જગ્યા છે પણ આપણે કંઈ કરવું નથી. જો કંઈ કરવાનું નક્કી કરીએ તો આપણે પણ એક એન્જીનિયરથી ઓછા નથી. કેરળના અલાપ્પુઝા જિલ્લાના અરૂકુટ્ટી કસબામાં રહેતા નાસર આમ તો એન્જીનિયર છે પરંતુ દિલથી કિસાન છે. માત્ર ૬૦ ચોરસફૂટની જગ્યામાં તેણે કિચન ગાર્ડન બનાવ્યો છે અને તેમાં તે રોજનો માત્ર અડધો કલાક આપે છે. આ એન્જીનિયર તેના ગાર્ડનમાં ૨૬ પ્રકારના શાકભાજી ઉગાડે છે. છેલ્લા ૨૦ વર્ષથી નાસર તેમના પરિવાર માટે બજારમાંથી શાકભાજી લાવતા નથી. નાસરે આ જગ્યાને ક્લાઈબર, ક્રીપર અને ટ્યુબર એમ ત્રણ વિભાગમાં વહેંચી છે. નાસર કહે છે – જગ્યા મહત્વ રાખતી નથી. જે હિસ્સામાં તમારે કિચન ગાર્ડન બનાવવો છે તે હિસ્સામાં માત્ર પ્લાનિંગ જોઈએ. ઘરમાં ઉગાડેલી તાજી શાકભાજી ખાવાનો અવસર અનેરો છે. નાસર આ શાકભાજી ઉગાડતી વખતે રાસાયણિક ખાતરો કે કીટનાશકોનો ઉપયોગ કરતા નથી. તેમની આ શાકભાજી તંદુરસ્ત અને ઓર્ગેનિક હોય છે. તેઓ કહે છે કે જો તમે રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરો છો તો તે ખેતીનો કોઈ મતલબ નથી. હું ઓર્ગેનિક ફર્ટિલાઈઝર્સનો ઉપયોગ કરૂં છું જેનાથી વિપુલ ઉત્પાદન પણ મળે છે.

● મજદૂરો માટે જે પણ થાય છે તે સારૂં નથી...

અક્ષયકુમારની ફિલ્મ એરલિફ્ટ અત્યારે યાદ આવી જાય છે. ૧૯૯૦માં કુવૈત અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધની આ સત્યઘટના છે. ફિલ્મનું પાત્ર રંજીત કટિયાલ એક મતલબી બિઝનેસ ટાયકૂન હોય છે. પોતાની પત્ની સાથે તે કુવૈતમાં એશોઆરામનું જીવન જીવતો હોય છે. જીવનમાં ત્યારે ટ્વિસ્ટ આવે છે કે જ્યારે ઈરાક એ કુવૈત પર હુમલો કરે છે. આ સમયે રંજીત તેના સાથીદારો અને ફસાયેલા ભારતીયોને બચાવવા માટે પ્રયાસ કરે છે. પોતાના બિઝનેસને ઉપર લાવવામાં મદદરૂપ થયેલા સાથીદારોને કપરા સમયમાં પણ પોતાની પાસેની બચતમાંથી સાચવે છે અને તેમને ભારત પાછા લાવે છે. અત્યારે કોરોના સંક્રમણના સમયે આપણા ઉદ્યોગ સંચાલકોએ પણ નફાખોરી કર્યા વિના તેમના બિઝનેસના સાથીદારોને સાચવવા જોઈએ પરંતુ તેવું થયું નથી અને મજદૂરો તેમના વતનમાં પાછા જતા રહ્યાં છે. કોરોના મહામારીના સમયમાં મજદૂર વર્ગને દૂર કરી દેવો હિતાવહ નથી. પરિવારનું ગુજરાન ચલાવવા તેમજ કમાણી શોધવા ઘર છોડીને બીજા રાજ્યમાં સ્થાયી થયેલા આ મજદૂરો આવનારા દિવસોમાં ભારતની સૌથી મોટી સમસ્યા બની શકે છે. આપણે વિકાસની ગતિમાં કમ સે કમ એક વર્ષ સુધીનો અવરોધરૂપ પાયો ખોદી નાંખ્યો છે.

● સ્કૂલના બાળકો અને શિક્ષકો માટે નવો પડકાર...

લોકડાઉન ખૂલશે અને સ્કૂલ શરૂ થશે ત્યારે વિદ્યાર્થીઓ માટે નવો પડકાર સર્જાશે અને તે સોશ્યલ ડિસ્ટન્સિંગ સાથે ફરજીયાત ફેસમાસ્કનો હશે. એજ્યુકેશન પહેલાં જેવું નહીં હોય, પરિવર્તન કરવું પડશે. રોજીંદા જીવનમાં આ બન્ને પદ્ધતિઓનું પાલન કરવાનું રહેશે. વિદ્યાર્થીઓ સાથે શિક્ષકોએ પણ બદલવું પડશે. કોરોના વાયરસનું સંક્રમણ ઓછું રાખવા માટે સ્કૂલ ડ્રેસની જેમ માસ્ક ફરજીયાત હશે. જૂનમાં શરૂ થઈ રહેલા શૈક્ષણિક સત્રમાં સરકારે બનાવેલા નિયમોનું પાલન કરવું કઠીન હશે, કેમ કે પહેલાની જેમ વિદ્યાર્થીઓ વર્તી શકશે નહીં. જે સ્કૂલોમાં વિદ્યાર્થીઓને બેસવા માટેની પુરતી વ્યવસ્થા નહીં હોય ત્યાં વધારે મુશ્કેલી સર્જાશે, કેમ કે બાળકોને એક બીજાથી દૂર દૂર બેસાડવા પડશે. રમતના મેદાનમાં પણ કેટલાક નિયમોનું પાલન કરાવવાનું રહેશે. એટલું જ નહીં સ્કૂલવાનમાં બાળકોને દૂર બેસાડવાનો સૌથી મોટો પડકાર આવી રહ્યો છે. જે સ્કૂલવાન બાળકોને ગીચતા વચ્ચે સફર કરાવે છે તેવા દ્રશ્યો આગામી દિવસોમાં જોવા નહીં મળે. કેન્દ્રના આદેશ પછી ગુજરાત સરકાર રાજ્યના એજ્યુકેશન સેક્ટરમાં બહુ મોટા ફેરફારો લાવી રહી છે.

● ૧૧૨ દેશોમાં કોરોના સંક્રમિત ભારત ૧૬મા ક્રમે...

કોરોના વાયરસનું સંક્રમણ વધતું જોતાં હવે વિવિધ દેશોએ વર્ક વીથ કોરોનો નો થીમ અપનાવ્યો છે. સમગ્ર વિશ્વમાં પોઝિટીવ કેસોની સંખ્યા ૩૫ લાખને પાર થઈ ગઈ છે. વિશ્વના ૨૧૨ દેશોમાં ફેલાયેલી આ મહામારીના કારણે ૨.૫૦ લાખ લોકોના મોત થયાં છે જ્યારે ૧૧.૨૫ લાખ કેસોમાં રિકવરી આવી છે. વર્લ્ડોમીટરના રિપોર્ટ પ્રમાણે ૫૧૦૦૦ દર્દીઓ સિરિયસ છે અથવા તો ક્રિટીકલ કન્ડીશનમાં છે. વિશ્વમાં આ મહામારીનો મૃત્યુઆંક ૧૮ ટકા જોવા મળ્યો છે જ્યારે રિકવર રેટ સૌથી વધુ ૮૨ ટકા જોવા મળ્યો છે. ચાઈનાના વુહાનમાંથી ફેલાયેલી આ મહામારીના કારણે યુએસએ, સ્પેન, ઈટાલી, યુકે, ફ્રાન્સ, જર્મની, તુર્કી, રશિયા અને બ્રાઝીલ વધુ ભોગ બન્યાં છે. વિશ્વમાં સૌથી વધુ ૧૧.૬૫ લાખ કેસ એકલા યુએસએમાં છે. આ કન્ટ્રીમાં ૬૮૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યાં છે. કોરોના સંક્રમિત વિશ્વના ટોપ ફાઈવ કન્ટ્રી પૈકી ચારમાં ૨૫૦૦૦થી વધુ લોકોના મોત થયાં છે. આશ્ચર્યની બાબત એવી સામે આવી છે કે ચાઈનામાં પોઝિટીવ કેસનો આંકડો ૮૨૮૦૦ પર સ્થગિત થઈ ગયો છે જે પૈકી ૭૭૩૫૦ દર્દીઓ રિકવર થયાં છે. ચાઈનામાં કોરોનાથી ૪૬૩૩નાં મોત થયાં છે. હાલ એક્ટિવ કેસોની સંખ્યા માત્ર ૫૦૦ જોવા મળી છે. કોરોના સંક્રમિત દેશોમાં ૪૦ હજારથી વધુ પોઝિટીવ કેસો સાથે ભારતનો ક્રમ ૧૬મો આવે છે. હજી આજે પણ ભૂતાનમાં માત્ર સાત કેસો પૈકી પાંચ રિકવર થયાં છે અને બે લાઈવ કેસો છે.

૬૦ ચોરસફૂટ જગ્યામાં ૨૬ જાતના શાકભાજી વાવ્યા, ૨૦ વર્ષથી સબ્જી માર્કેટ જોયું નથી

લોકડાઉનના સમયમાં દેશના મજૂરોનું સ્થળાંતર રોકવા અક્ષયકુમારની એરલિફ્ટ જોવી પડે

● આઇએએસ અધિકારી પાણી પહોંચાડી રહ્યાં છે...

નાગાલેન્ડના એક આઈએએસ ઓફિસર લોકડાઉનની સ્થિતિમાં લોકોના ઘર સુધી પાણી, દવા, ગેસ, શાકભાજી અને જરૂરી સામાન પહોંચાડી રહ્યાં છે. ભારત અને મ્યાંમાર સરહદ પાસે આવેલો રાજ્યનો મોન જિલ્લો લોકડાઉનથી ગંભીરરૂપથી પ્રભાવિત છે. પ્રોજેક્ટ લોકલ ગ્રીન્સ નામના અભિયાનથી જિલ્લા પ્રશાસને પ્રત્યેકના ઘરે તાજી શાકભાજી પહોંચાડવાનું તો કામ કર્યું છે પરંતુ આવા સમયે મોનના ડેપ્યુટી કમિશનર થવસેલન ખૂબ મહેનત કરી રહ્યાં છે. જળસંકટ સામે ઝઝૂમી રહેલા આ જિલ્લાના પ્રત્યેક ઘરમાં પાણી પહોંચાડવાનું કામ આ અધિકારી કરી રહ્યાં છે. એ ઉપરાંત જીવન આવશ્યક ચીજવસ્તુઓ લોકોને આસાનીથી મળે તેની વ્યવસ્થા તેમણે કરી છે. આ જિલ્લામાં કોરોના પોઝિટીવનો એકપણ એક્ટિવ કેસ નથી છતાં સંક્રમણને રોકવા માટે પ્રશાનને એક્ટિવ કેસ સર્ચની રણનીતિ અપનાવી છે.